## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મુરખ જેવા સવાલ ન કર... અહીં એસ.ટી. પણ નથી ાવી તો જી.એસ.ટી. તંબુરામાંથી આવશે...!?

# પીએનજી ગેસ બિલો મળવામાં થતો વિલંબ ગ્રાહકો માટે સમસ્યારૂપ

**છેલ્લા બે માસથી ગેસબિલો અનિયમિત મળવાની ફરિયાદો વધી : બિલ ભરવામાં ઓછો સમય મળવાથી ગ્રાહકોના બજેટ ખોરવાય છે : નિયત તારીખ ચુકી જવાય તો રૂ. ૭૫નો અધધ..દંડ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં છેલ્લા બે માસથી વિવિધ સેક્ટરોમાં ગેસના બીલો મળવામાં અનિયમિતતાની ફરિયાદો ઉઠવા પામી રહી છે. બીલો મળવામાં વિલંબ થવાને કારણે ગ્રાહકોને બીલ ભરવામાં ઓછો સમય મળે છે જેના કારણે તેમના બજેટ ખોરવાવા સહિતની હાલાકી ભોગવવી પડી રહી છે.

છેલ્લા બે માસથી ગુજરાત ગેસ કંપની દ્વારા શહેરમાં સપ્લાય કરવામાં આવતા પીએનજી રાંધણ ગેસના બીલો ગ્રાહકોને સમયસર મળતા નથી તેવી ફરિયાદો ગ્રાહકો કરતા જોવા મળી રહ્યાં છે. અગાઉ શહેરના વીઆઈપી સેક્ટરો જેવા કે ૧, ૮, ૧૯ અને ૨૦ વગેરેમાં બીલો અનિયમિત મળતા હોવાની ફરિયાદો ત્રણેક વર્ષથી ચાલી રહી હતી પરંતુ છેલ્લા બે માસથી આ ફરિયાદો હવે શહેરના તમામ સેક્ટરો ઉપરાંત વાવોલ, પેથાપુર, કુડાસણ, રાયસણ, રાંદેસણ તથા કોલવડા સહિતના ગ્રામ્ય વિસ્તારમાં પણ સાંભળવા મળી રહી છે.

સામાન્ય રીતે ગેસ કનેક્શન ધારકને બીલ ભરવા માટે ૧૨ થી ૧૫ દિવસનો લઘુત્તમ ગાળો મળવો જોઈએ જેથી તે તેના નોકરી-ધંધા-વ્યવસાયમાંથી સમય કાઢી તથા પોતાનું નાણાંકીય આયોજન ગોઠવી બીલ ભરી શકે. હવે ગેસ ધારકોને બિલો સમયસર મળતા ના હોવાને કારણે માત્ર ત્રણ થી ચાર દિવસનો સમય જ મળે છે. જેના કારણે ગ્રાહકોને તેમનુ નાણાંકીય આયોજન કરવા તથા નોકરી-ધંધા-વ્યવસાયમાંથી સમય કાઢી બિલ ભરવા જવાનુ આયોજન કરવામાં હાલાકી ભોગવવી પડી રહી છે. અચાનક છેલ્લી ઘડીએ પ્રાપ્ત થતા બિલોને કારણે ગ્રાહકોનું બજેટ ખોરવાઈ રહ્યું છે. તેના કારણે ગેસબિલ નિયત તારીખ કરતા થોડુ પણ મોડુ ભરાય તો બીજા બિલમાં રૂ. ૭૫ જેવો અધધ દંડ ફટકારવામાં આવે છે. શહેરમાં તથા શહેર સંલગ્ન ગ્રામ્ય વિસ્તારોમાં ગેસબિલો સમયસર મળતા થાય તે અંગે ગુજરાત ગેસ કંપની દ્વારા સત્વરે પગલાં ભરાય તેવી ગેસલાઈન ધારકોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.




જિલ્લામાં માતા-મરણ અને બાળ-મરણનો દર નીચે લાવવા માટે ખાનગી તબીબો સાથે આજે જિલ્લા કલેકટર સતીષ પટેલના અધ્યક્ષસ્થાને આરોગ્ય તંત્રએ બેઠક યોજી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ઉપરાંત આરોગ્ય તંત્રના અધિકારીઓ અને ખાનગી તબીબો સારી એવી સંખ્યામાં જોડાયા હતા.

## આજથી ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ કર્મયોગી ભવનમાં કાર્યરત

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના નવીન કાર્યાલયનું લોકાર્પણ આજ રોજ પંચાયત મંત્રી શ્રી જયંતિભાઈ કવાડિયાના હસ્તે કરવામાં



આવ્યું હતું. હાલમાં ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ બહુમાળી ભવન, વસ્ત્રાપુર ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ ખાતે કાર્યરત છે. જે હવે તા. ૨૮/૦૬/ ૨૦૧૭ના રોજથી કર્મયોગી ભવન-૨, પાંચમો માળ, સેકટર-૧૦, ગાંધીનગર ખાતે કાર્યરત બની છે.

ગાંધીનગર ખાતે આજથી કાર્યરત બનેલ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના નવીન કાર્યાલયના લોકાર્પણ પ્રસંગે પંચાયત વિભાગના સચિવ શ્રી રાજગોપલન, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના અધ્યક્ષ શ્રી નરેશ શાહ, ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડના ચેરમેન શ્રી અસીતભાઈ વોરા, બોર્ડના સભ્ય સર્વશ્રી, પ્રશાંતવાળા, રાજીકાબેન કચેરિઆ અને નિતીનભાઈ પટેલ, બોર્ડના સચિવ શ્રી ભરતભાઈ પરમાર અને બોર્ડનો સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

## સે-૨૧ જીમખાના ક્રિકેટ મેદાનને અદ્યતન બનાવવા માટે સ્ટેડિયમ તોડવાનુ કામ શરૂ

ગાંધીનગર તા ૨૮

સે-૨૧ સ્થિત જીમખાનાનુ ક્રિકેટ મેદાન વિકસાવવા માટેનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે હાલ પેવેલિયન તોડવાની કામગીરી ચાલી રહી છે. જયારે ક્રિકેટના મેદન નજીકથી પસાર થતી જીમખાનાની પાણીના બોરની લાઈન પણ અન્ય ઠેકાણે શિફ્ટ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જેથી ટુંકમાં અભ્યાસના અંતે આ કામગીરી પણ હાથ ધરવામાં આવશે. ક્રીકેટ મેદાનમાં નવા સ્ટેડિયમ ઉપરાંત પીચ તેમજ ખેલાડીઓ માટે નવા રૂમ પણ બનશે. રણજીટ્રોફી ઉપરાંત અન્ય ઉચ્ચકક્ષાની મેચ રમી શકાય તે પેટર્ન પર ક્રિકેટનુ મેદાન વિકસાવાશે.

સે-૨૧ માં જીમખાનાનુ ક્રિકેટ મેદાન અધ્યતન બનાવવા માટેનુ કામ શરૂ કરી દેવાયુ છે. હાલ જુના સ્ટેડિયમને તોડવાનુ કામ ચાલી રહયુ છે. જયારે ક્રિકેટ મેદાનનો આંતરરાષ્ટ્રીય પેટર્ન પર વિકસાવવા માટે તૈયાર કરાયેલી કાર્યયોજના મુજબ કામગીરી આરંભી દેવામાં આવી છે. જીમખાના ક્રિકેટ મેદાનને વિકસાવવા માટે અંદાજિત રૂ ૧૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે સ્ટેડિયમ તોડવાની કામગીરીની સાથે હવે મેદાન નજીકથી પસાર થતી યુટીલીટીઝ લાઈનને લગતી કામગીરી પણ અભ્યાસમાં

● અનુસંધાન પાના - ૫ પર

## અખિલ ભારત અનુસૂચિત જાતિ જનજાતિ માનવ વિકાસ પરિષદની રવિવારે વાર્ષિક સભા

અખિલ ભારત અનુસૂચિત જાતિ-અનુસૂચિત જનજાતિ માનવ વિકાસ પરિષદની ૨૦૧૬-૧૭ની બારમી વાર્ષિક સાધારણ સભા તા. ૨જી જુલાઈને રવિવારે સાંજે ચાર વાગે ટ્રસ્ટના મુખ્ય કાર્યાલય પ્લોટ નં. ૧૭૫૭/૨, સે-૨-ડી ગાંધીનગરમાં રાખવામાં આવેલ છે તેમ માનવ વિકાસ પરિષદના પ્રમુખ કનુભાઈ એમ. પરમારે જણાવેલ છે.

## પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ લયબદ્ધ શ્વસન કાર્યક્રમ હવે નવા સ્થળે યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના શ્રી એસઆરબી ગૃપ દ્વારા દર માસના છેલ્લા શુક્ર, શનિ, રવિ દરમ્યાન યોજાતો પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ લયબદ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યનો નિઃશુલ્ક કાર્યક્રમ હવે નવા સ્થળે યોજાશે. શારીરિક, માનસિક અનો આધ્યાત્મિક સ્વાસ્થ્ય પ્રદાન કરતો આ કાર્યક્રમ હવે જુના સચિવાલય ખાતે બ્લોક નં. ૮ની પાછળ ભોંયતળિયે સવારે ૮ થી ૯ કલાક દરમ્યાન યોજાશે. આગામી કાર્યક્રમ તા. ૩૦મી જૂનથી તા. ૨જી જુલાઈ દરમ્યાન યોજાનાર છે.



બોર્ડર સિકયોરીટી ફોર્સ (બી.એસ.એફ.) ગાંધીનગર દ્વારા તા. ૨૮-૬-૨૦૧૭ના રોજ 'સ્ત્રી સશકિતકરણ' અંતર્ગત સ્ત્રીઓને સશકત કરવાના હેતુથી રાઈફલ શુટીંગની પધ્ધતિસરની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાઈફલ શુટીંગ, રોપકલાઈબીંગ અને વિવિધ શસ્ત્ર સરંજામની પધ્ધતિસરની સમજ જવાનો દ્વારા વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી. જેમાં ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ આ સમગ્ર કાર્યક્રમનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં મહિલા આઈએએસ સુનૈના તોમર અને વર્તમાન શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા.

## પુંધરામાંથી ૩૫૦ લીટર વૉશ સાથે એક બુટલેગર ઝડપાયો

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના પીએસઆઈ કૃણાલ પટેલ તથા સ્ટાફે બાતમીને આધારે માણસા



તાલુકાના પુંધરા ગામમાં દરોડો પાડયો હતો. ગામની ગૌચર જમીનમાં દેશી દારૂ ગાળવાનો ધંધો કરતા બુટલેગર દલપત માનસિંહ રાઠોડને ૩૫૦ લીટર દેશી દારૂ ગાળવા વપરાતા વૉશ સાથે પકડી પાડી એલસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

